EDII

Sandesh (Suppl.: Ahmedabad Purva)

Januaray 28, 2022

Pg.1

# EDIIએ લુપ્ત થતી કળા માતાની પછેડી સાથે જોડાયેલ કારીગરો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

વાસણા વિસ્તારમાં ભરતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (EDII) તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા છાપકામ, કલમકારી અને માતાની પછેડી કલાકારી સાથે જોડાયેલા હસ્તકલા કારીગર ભાઈઓ અને બહેનો માટે પાંચ દિવસનો ઉદ્યોગસાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં



ગુજરાત સરકાર દ્વારા હસ્તકલાનું કામ કરતા કારીગરોને પડતી તકલીફો દૂર કરી. તેઓના ધંધાના વિકાસ માટે જરૂરી તાલીમ આપી, તેમના ધંધાને લગતા કારીગર તરીકેના ઓળખ કાર્ડ અપાવવા તથા તેઓને સરાકરી સહાય સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે હસ્તકલાસેતુ યોજના તૈયાર કરવામા આવી છે. આ તાલીમ કાર્યક્રમમાં ૩૦ ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. ચિતારા પરિવારના લોકો દ્વારા જ આ કળાને જીવંત રાખવામં આવી રહી છે. ધીમે ધીમે લુપ્ત થતી આપણી આ ધરોહરની જાળવણી માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દ્વારા ભાગ લેનાર કારીગરોને ઉદ્યોગ સાહસિકતા અને તેનું મહત્ત્વ સાંમજાવવામાં આવ્યું તેમજ એક સ ા ફ ળ ઉદ્યોગસાહસિકતા કઈ રીતે બની શકાય તેની સમજ આપાઈ હતી.